GJRJ270006332024

| | |
|---|---|
| **દાખલ તારીખ** | ૨૬–૦૯–૨૦૨૪ |
| **રજીસ્ટર્ડ તારીખ.** | ૨૬–૦૯–૨૦૨૪ |
| **ફેંસલ તારીખ** | ૨૭ – ૦૭ – ૨૦૨૬ |
| **અવધી** | વર્ષ–મહીના–દિવસ<br>૦૧– ૧૦ – ૦૧ |

**વીંછિયાનાં મહે.પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબની અદાલતમાં, મુકામઃવીંછિયા.**

**રેગ્યુલર દીવાની કેસ નંબરઃ–૧૮/૨૦૨૪.**

**આંકઃ–**

**વાદીઓઃ–** (૧) કુલીબેન લીંબાભાઈ કુમરખાણીયા, ઉં.વ.૬૧,
રહે.અમરાપુર તા.વીંછિયા, જિ.રાજકોટ.

(૨) હંસાબેન લીંબાભાઈ કુમરખાણીયા વા/ઓ મહેશભાઈ ગોહિલ, ઉં.વ.૪૪
રહે.વેરાવળ ભડલી, તા.વીંછિયા, જિ.રાજકોટ.

(૩) જસુબેન લીંબાભાઈ કુમરખાણીયા વા/ઓ જસમતભાઈ મકવાણા, ઉં.વ.૪૨,
રહે.પાટીયાળી તા.વીંછિયા, જિ.રાજકોટ.

(૪) ભાવેશભાઈ લીંબાભાઈ કુમરખાણીયા, ઉં.વ.૩૮,
રહે.અમરાપુર તા.વીંછિયા, જિ.રાજકોટ.

(૫) ભરતભાઈ લીંબાભાઈ કુમરખાણીયા, ઉં.વ.૩૧,
રહે.અમરાપુર તા.વીંછિયા, જિ.રાજકોટ.

//વિરુદ્ધ//

**પ્રતિવાદીઓ–** (૧) ધીરુભાઈ અરજણભાઈ કુમરખાણીયા, ઉં.વ.૫૫,
રહે.અમરાપુર તા.વીંછિયા, જિ.રાજકોટ.

(૨) કાંતાબેન પરસોતમભાઈ કુમરખાણીયા, ઉં.વ.૫૩

રહે.અમરાપુર, તા.વીંછિયા, જિ.રાજકોટ.

(૩) અરવિંદભાઇ પરસોતમભાઈ કુમરખાણીયા, ઉં.વ.૩૩,
રહે. અમરાપુર, તા.વીંછિયા, જિ.રાજકોટ.

(૪) ભારતીબેન પરસોતમભાઈ કુમરખાણીયા,વા/ઓ અશોકભાઇ જોગરાજીયા
ઉં.વ.૩૦, રહે.છાસીયા તા.વીંછિયા, જિ.રાજકોટ.

(૫) મનિષાબેન પરસોતમભાઈ કુમરખાણીયા,વા/ઓ ભવાનભાઇ માંડાણી
ઉં.વ.૨૭, રહે.કડુકા તા.વીંછિયા, જિ.રાજકોટ.

(૬) કિરણભાઇ પરસોતમભાઈ કુમરખાણીયા, ઉં.વ.૨૫,
રહે. અમરાપુર, તા.વીંછિયા, જિ.રાજકોટ.

---

**દાવો– રૂા.૨૦૦/– આંકથી સંયુક્ત માલિકીની ખેતીની જમીનની વહેંચણી કરી આપવા હુકમ તથા હુકમનામું મેળવવા અંગેનો દાવો.**

---

**વાદી તરફે વિદ્વાન વકીલશ્રી વિ.વિ.રંગપરા**
**પ્રતિવાદી તરફે વકીલશ્રી એસ.એન.રામાનુજ**

---

**// ચુકાદો //**

**(૦૧) વાદીના દાવાની ટૂંકમાં હકીકત નીચે મુજબ છે.**

આ કામના વાદી તથા પ્રતિવાદી ગુ. અરજણભાઇ ખીમાભાઇ કુમારખાણીયાના વારસદાર છે. ગુ. અરજણભાઇ ખીમાભાઇ કુમારખાણીયા વાદીના દાદાશ્રી તથા પ્રતિવાદીના પિતાશ્રી થતા હતા. જેઓ તા. ૨૫/૦૮/૨૦૨૩ ના રોજ અવસાન પામેલ છે જે હકકપત્ર નંબર ૬ ની નોંધ નં. ૩૩૨૯ થી ગુ. અરજણભાઇ ખીમાભાઇ કુમારખાણીયાની વારસાઇ થયેલ છે. સ્વ. પરસોતમભાઇ ખીમાભાઇ કુમારખાણીયા પ્રતિવાદી નં.૨ થી ૬ નાઓના પિતાશ્રી થાય છે. જેઓ તા. ૦૧/૧૨/૨૦૦૫ ના રોજ અવસાન પામેલ છે. ખેડવાણ જમીન ગુજરાત રાજયના રજી. ડીસ્ટ્રીકટ રાજકોટ જીલ્લાના વિંછીયા તાલુકાના મોજે અમરાપુર ગામના રે.સ.નં.૩૮૭ પૈકી ૨ થી જુની શરતની જરાયત પ્રકારની ખેતીલાયક સીમજમીન "સડક પાસે" તરીકે ઓળખાતી ખેડવાણ જમીન જેના હે.આરે.ચો.મી.૨–

૫૫–૯૭ તથા રે.સ.નં.૪૨૪ થી જુની શરતની જરાયત પ્રકારની ખેતીલાયક સીમજમીન "ગાળીયાનું ખેતર" તરીકે ઓળખાતી ખેડવાણ જમીન જેના હે.આરે.ચો.મી.૨–૨૫–૬૧ ની જેના ખાતા નં.૨૫૮ ની ખેડાણવાળી સીમજમીન આવેલ છે. ગુ. અરજણભાઇ ખીમાભાઇ કુમારખાણીયા તા. ૨૫/૦૮/૨૦૨૩ ના રોજ અવસાન પામતા તેઓના વારસાઇ આંબાના આધારે હકકપત્રક નં.૬ ની નોંધ નં.૩૩૨૯ થી તા. ૦૯/૧૦/૨૦૨૩ થી વારસાઇ નોંધ દાખલ કરેલ છે. જેની અસર આપ્યાની તા. ૨૧/૧૧/૨૦૨૩ થી ગામ નમુનો નં. ૮ થયેલ છે. ગુ. અરજણભાઇ ખીમાભાઇ કુમારખાણીયાના સીધી લીટીના વારસદારો (૧) ધીરુભાઇ અરજણભાઈ કુમરખાણીયા, (૨) કાંતાબેન પરસોતમભાઈ કુમરખાણીયા, (૩) અરવિંદભાઇ પરસોતમભાઈ કુમરખાણીયા, (૪) ભારતીબેન પરસોતમભાઈ કુમરખાણીયા,વા/ઓ અશોકભાઇ જોગરાજીયા, (૫) મનિષાબેન પરસોતમભાઈ કુમરખાણીયા,વા/ઓ ભવાનભાઇ માંડાણી, (૬) કિરણભાઇ પરસોતમભાઈ કુમરખાણીયા ના વારસદારોના નામ દાખલ થયેલ છે. ઉપરોકત વિગતે આ કામના વાદી કુલીબેન લીંબાભાઇ કુમારખાણીયા ગુ. અરજણભાઇ ખીમાભાઇ કુમારખાણીયાની રૂએ એક સરખો હિત/હિસ્સો ધરાવે છે. ગુ. અરજણભાઇ ખીમાભાઇ કુમારખાણીયાના વારસદારો પોતપોતાનો સરખા ભાગનો કબજો ધરાવે છે. સદરહું જમીનમાંથી થતી ઉપજ/નિપજ તેઓ મેળવે છે. ઉપરોકત ખેડવાણ જમીન માહેથી આ કામના વાદી પોતાનો હકક/હિસ્સો અલગ કરી આપવા માટે પ્રતિવાદી નં. ૧ થી ૬ નાઓને અવાર–નવાર જણાવવા છતાં કોઇ દાદ આપતા નથી અને ઉપર જણાવ્યા મુજબની ખેડવાણ જમીન માહેનો વાદી પોતાનો સંયુકત હકક/હિસ્સો સંયુકતપણે રાખવા માંગતા નહી હોવાથી આ કામના પ્રતિવાદીઓ પાસે વાદીઓએ પોતાના હકક, હિત/હિસ્સાની લેખીત ડિમાન્ડ પ્રતિવાદીઓ પાસે તા. ૨૩/૦૮/૨૦૨૪ ના રોજ નોટીસ આપી માંગણી કરવા છતાં આ કામના પ્રતિવાદીઓએ કોઇ દાદ આપેલ નથી. આ કામના પ્રતિવાદીઓને નોટીસ મળી ગયેલ છતાં પ્રતિવાદીઓએ તેઓના વકીલશ્રી મારફત કોઇ જવાબ આપેલ નથી. વાદી તેઓના ભાગમાં આવતી જમીન તથા પડતો ભાગ કબુલ રાખે છે અને કોઇ પણ જાતની ધાક–ધમકી કે તકરાર વિના મુળ

માલીકનું અવસાન થયેલ ત્યારથી જ આપવા તૈયાર હોવાનું જણાવી ઉડાઉ જવાબ આપે છે. વાદી દ્વારા તા. ૨૩/૦૮/૨૦૨૪ ના રોજ પ્રત્યુત્તર આપેલ નથી જેના કારણે કાયદેસની કાર્યવાહી કરી કાયદેસરના પેપર તૈયાર કરવાનું પ્રતિવાદીઓના જણાવવા છતાં પ્રતિવાદીઓ તરફથી વાદીઓના હકક/હિસ્સા આપવા અંગેની કાયદેસરની કોઇપણ કાર્યવાહી કરવામાં નહી આવતાં વાદીઓએ હાલનો દાવો લાવવાની ફરજ પડેલ છે.

**(૧.૧) વાદીપક્ષે દાવા અરજીમાં જણાવેલ કારણઃ-**

આ કામના પ્રતિવાદીઓએ વાદીને દાવાવાળી મિલકત પરત્વેના વારસાઇ હકક,હિત/હિસ્સો તા. ૨૩/૦૮/૨૦૨૪ ના રોજ નોટીસ આપી લેખીત માંગણી કરવા છતાં આપ્યો નહી. તેમ પણ આ કામના પ્રતિવાદીઓએ લીગલ નોટીસનો જવાબ આપેલો નહી અને આ કામના પ્રતિવાદીઓમાંથી કોઇએ નોટીસનો સ્વીકાર પણ કરેલ પણ નોટીસનો જવાબ આપેલ નહી. નોટીસ સ્વીકાર્યાની તા. ૦૬/૦૯/૨૦૨૪ ના રોજ પ્રતિવાદીઓની કાયદેસરની કાર્યવાહી પુર્ણ કરી કાયદેસરના પેપર્સ તૈયાર કરાવી વાદીનો હકક, હિત/હિસ્સો આપી દેવાનું જણાવવા છતાં પ્રતિવાદીઓ તે મુજબ વર્તેલ નહી હોવાથી તેમજ દાવાવાળી મિલકત અન્ય ત્રાહિતને કોઇપણ રીતે ગીરો, બક્ષીસ, વેચાણ કરવા કે કર, બોજો ઉતપન્ન કરવા પ્રયત્નશીલ થયેલ હોવાથી અને ત્યારથી નામ. કોર્ટમાં હુકમ થયેલ છે.

**હકુમતઃ-** સદરહુ વાદગ્રસ્ત ખેતીની જમીન રાજકોટ જિલ્લાના વીંછિયા તાલુકાનાં અમરાપુર ગામમાં આવેલી હોય જેથી સદરહુ દાવો સાંભળવા તથા તેનો નિકાલ કરવા આપ નામદાર કોર્ટની હકુમત છે.

**કોર્ટ ફીઃ-** વાદગ્રસ્ત જમીન ખેતીની હોય તેના પર કોર્ટ ફી ભરવાની થતી હોય જેથી દાવાવાળી ખેતીમાં કુલ હે.આરે.ચો.મી. ૪-૮૧-૫૮ થાય છે. તેના પર સરખા ભાગે હિસ્સો ગણાતા ૫/૧૧ ઉપર જરૂરી કોર્ટ થતા વિજ્ઞાપન તથા હુકમ મેળવવાનો દાવો હોવાથી દાવાનો આંક રૂ.૨૦૦/- નો બાંધી તે ઉપર જરૂરી કોર્ટ ફી તથા પ્રોસેસ ફી લગાવેલ છે..

**(૧.૨) વાદીપક્ષે દાવા અરજીમાં માંગેલ દાદઃ-**

(૧) રાજકોટ જીલ્લાના વિછીયા તાલુકાના મોજે અમરાપુર ગામના રે.સ.નં.૩૮૭ પૈકી ૨ થી જૂની શરતની જરાયત પ્રકારની ખેતી લાયક સીમજમીન "સડક પાસે" તરીકે ઓળખાતી ખેડવાણ જમીન જેના હે.આરે.ચોમી.૨-૫૫-૯૭ તથા રે.સ.નં.૪૨૪ થી જૂની શરતની જરાયત પ્રકારની ખેતી લાયક સીમજમીન "ગાળીયાનુ ખેતર" તરીકે ઓળખાતી ખેડવાણ જમીન જેના હે.આરે.ચોમી ૨-૨૫-૬૧ ની જેના ખાતા નંબર ૨૫૮ ની ખેડાણ વાળી સીમજમીન આવેલ છે. તે જમીન વાદીને વારસાઈ દરજજે જે જમીનમાં સરખા ભાગે હકક્/હિસ્સો આપવામા આવે ગુ.અરજણભાઈ ખીમાભાઈ કુમરખાણીયાના વારસદારના દરજજે છે તેવું ઠરાવી આપી વાદીના હિસ્સાની હદ નક્કી કરી તેનો શાંત ખાલી પ્રત્યક્ષ નિર્ભય કબ્જો પ્રતિવાદીઓ વાદીઓને સોંપી આપે તેવો હુકમ કરવા અરજ છે.

(૨) ઉપરોકત દાદ નં.૧ માં જણાવેલ ખેતીની જમીનમા વાદીનો હિસ્સો આવેલ હોય દાવાવાળી ખેતીની સીમ જમીન પ્રતિવાદીઓ કે તેના નોકર એજન્ટ, મુખ્તયાર કે અન્ય કોઈ વ્યક્તિઓ ટ્રાન્સફર, અસાઈન, વેચાણ કે લન, ગીરો, બીજો કરે કરાવે નહિ તેઓ પ્રતિવાદીઓને હુકમ ફરમાવવામા અરજ છે.

(૩) આ દાવાને અનુરૂપ હરકોઈ દાદ આપવા નમ્ર અરજ છે. તેમજ આ દાવાનો ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા અરજ છે.

**(૦૨) પ્રતિવાદીઓનો જવાબ:-**

આ કામના પ્રતિવાદીઓને કોર્ટ મારફતે સમન્સ બજતા તેમના વિ.વ.શ્રી સાથે હાજર રહેલ અને ત્યારબાદ **પ્રતિવાદીઓએ આંક- ૧૭ થી વાદીના દાવા અરજીનો લેખિત જવાબ રજુ કરેલ છે** અને વાદીની દાવા અરજી ની હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરીને મુખ્યત: જણાવેલ છે કે, વાદીનો દાવો ખરો સુધ્ધા બુદ્ધીનો, કાયદેસરનો, કાયદેસરના કારણવાળો અને કાયદેસરના ફોર્મમાં નથી. વાદી પક્ષે સત્ય હકીકતો છુપાવી, ખોટી હકીકતો દર્શાવી નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવા લેખીત ગેર રજુઆતો

કરેલ હોય તેવા સંજોગામાં સપ્રેશન ઓફ મટીરીયલ ફેક્ટ નાં મુદા સબબ વાદીનો આ દાવો રદ થવાને પાત્ર છે. વાદીના આ દાવાને ડીલે, લેચીઝ, વેઇવર એક્વીયેન્સ અને એસ્ટોવલનાં સીદ્ધાંતો નો બાધ નડે છે. વાદીનો આ દાવો લાવવા માટેનું કાયદેસરનું કોઇપણ કારણ ઉભું થયેલ ન હોવા છતાં આ દાવો લાવેલ હોય. સી.પી.સી. ની જોગવાઇ મુજબ આ દાવો ચાલી અને તાકી શકે નહી. વાદી પક્ષને હાલનો આ દાવો અત્યારના સ્થિતિ, સંજોગો મુજબ આ દાવો લાવવા માટે કાયદેસરનું કોઇપણ કારણ ઉત્પન્ન થયેલ ન હોવા છતાં દાખલ કરેલ હોય લોકસ સ્ટેન્ડી નથી. વાદીપક્ષ આ દાવાની આખરી દાદ કોઇપણ સંજોગો, કોઇપણ રીતે કાયદેસર રીતે હક્ક, સત્તા કે અધીકાર ધરાવતા ન હોય. આખરી દાદ કોઇપન સંજોગોમાં કાયદેસર રીતે માંગી કે મેળવી શકે તેમ ન હોય આ દાવો રદ કરવા અરજ છે. વાદીપક્ષે દાવામાં વિશિષ્ટ દાદના કાયદાની જોગવાઇનું પાલન કરેલ નથી જેથી સ્પેસેફીક રીલીફ એક્ટ ૧૯૬૩ ની કલમ ૩૪ તથા ૩૭ નાં કોઇ તત્વો ફલીત થતા ન હોય. વાદીપક્ષ આવી કોઇ દાદ માંગવા કે મેળવવા હકકદાર રહેતા ન હોય. વધુમાં, જણાવે છે કે, વાદીની નોટીસનો પ્રતિવાદીઓએ સાક્ષીઓની રૂબરૂમા મૌખીક જવાબ આપેલ કે, આ જમીન અમારા બાપ દાદાની હોય અને જે–તે સમયે સારી અને ખરાબ જમીન હોય જેથી વધતી–ઓછી વાદીના પતિને તથા પ્રતિવાદીઓને આપેલ હોય અને સારી જમીન વાદીના પતીને મળેલ હોય અને પ્રતિવાદીઓને ખરાબ જમીન મળેલ હોય જેથી વધુ જમીન મળેલ વાદીના પતી તથા પ્રતિવાદીના ભાઇઓ ઘરમેળે અમારા વડવાઓ એ ખેતીની જમીનની વહેચણી કરેલી. ત્યારે તેના ગામના જેમાભાઇ સોમાભાઇ હાજરીમા વાદી અને પ્રતિવાદી દ્વારા ઘરમેળે જમીનની વહેચણી કરેલી. વાદીના કહેવા મુજબ જ્યારે ભાયુ ભાગે સીમ જમીન આવેલી તે વાદીએ પોતે પોતાની ભાગમાં આવતી સીમ જમીન નો સ્વીકાર કરેલ હોય. વધુમાં જણાવે છે કે, આ કામના વાદીઓએ પ્રતિવાદીઓને તા.૨૩/૦૮/૨૦૨૪ ના રોજ નોટીસ આપેલ તે નોટીસ અંગે પ્રતિવાદીઓએ સાક્ષીઓની રૂબરૂમા મૌખીક રજુઆત કરી તે રજુઆત વાદી એ માન્ય રાખી જેથી પ્રતિવાદીને વાદીએ બાહેંધરી અને વિશ્વાસ આપેલો જેથી વાદીની નોટીસનો જવાબ કરેલો નહી તથા વાદીએ નોટીસના તબ્બકે પ્રતિવાદીઓ સાથે સમાધાન કરેલ હોય અને કબુલ રાખેલ

હોય કે મારા પતીએ આશરે 30 (ત્રીસ) વર્ષ પહેલા ઘરમેળે ભાગ પાડેલ હોય અમારે આ જમીન કબુલ મંજુર છે તેવુ વાદીએ સાક્ષીઓની રૂબરૂમા કબુલ કરેલ જેથી પ્રતિવાદીઓએ વાદીની નોટીસનો જવાબ કરેલ નથી. આ કામના વાદીએ આજદીન સુધી રેવન્યુ ઓથોરીટી નીચે કોઈ અરજી કે અપીલ કરેલ નથી વાદીનો દાવો ટકવા પાત્ર નથી. વાદીએ આપેલ લીગલ નોટીસ કાયદા વીરૂધ્ધની હોય અને તમામ વાદીઓની સહી લીધેલ ન હોય અને કોઈ સંમતી લીધેલ ન હોય વાદીની આ નોટીસ યોગ્ય ન હોય તેમજ આવી નોટીસનો પ્રતિવાદીઓએ કોઈ જવાબ કરવાનો ન હોય વાદીની ગેર કાયદેસર ગણી અને દાવો ગેર કાયદેસરનો હોય વાદીનો આ દાવો રદ કરવા અરજ છે. હાલમાં વાદી એમ કહે છે કે મારે સરખે ભાગે જમીન લેવી હોય પરંતુ હાલના પ્રતિવાદીઓ પાસે આ જમીન છેલ્લા ત્રીસ વર્ષથી હોય અને આ જમીનમાં વાવેતર કરાતા હોય અને આ જમીનમા કુવો ગાળેલો હોય અને આ જમીનમાં પાકુ મકાન બનાવેલ હોય પ્રતિવાદીઓએ અઢળક ખર્ચ કરેલ હોય જેમા પ્રતિવાદીઓએ જમીન સારી કરવા એમ કુલ મળીને આશરે પાકુ–મકાન, કુવો, વીગેરેમાં રૂપીયા પંદર લાખ રૂપીયા જેટલો ખર્ચ કરેલ જે ખર્ચમાં વાદીઓએ પ્રતિવાદીને આજ દીન સુધી આ ખર્ચ પેટે કોઈપણ જાતની રકમ પ્રતિવાદીઓને આપેલ નથી આ તમામ ખર્ચ પ્રતિવાદીઓએ ભોગવેલો છે. વાદી અને પ્રતિવાદી ઘરમેળે ખેતીની સીમ જમીન ઘરમેળે ભાગ પાડેલ હોય તેમજ વાદી અને પ્રતિવાદી સારા મોળી જમીન આવેલ હોય અને વાદી અને પ્રતિવાદીઓએ બન્નેની સર્વાનુમતી એ રાજી–ખુશીથી ભાગ પાડેલ છે. હાલના પ્રતિવાદીઓએ પોતાના ભાગમાં આવેલી સીમ જમીન મા વાડીએ પાઈપ લાઈન નાખેલ તેમજ ખેતીની જમીન સુધારવા માટે ખર્ચ કરેલ છે જે ખર્ચ વાદીએ આજ દીન સુધી પ્રતિવાદીને આપેલ નથી. પ્રતિવાદીઓના લેખીત જવાબને ધ્યાને લઈ વાદીનો આ દાવો રદ કરવા અરજ છે.

**(૦૩) સદર દાવાના કામે પક્ષકારો તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ છે.**

**<u>વાદી તરફે રજૂ થયેલ મૌખિક પુરાવાઓ.</u>**

| **અનુક્ર** | **આંક** | **પુરાવાની વિગત** |
|---|---|---|

| | | |
|---|---|---|
| મ | | |
| ૧ | ૨૧ | વાદી નં ૪ ભાવેશભાઈ લીંબાભાઈ કુમરખાણીયાનું સરતપાસનું સોગંદનામું. |

**વાદી તરફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ.**

| અનુક્રમ | આંક | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૪૦ | સ.નં. ૩૮૭ પૈકી ૨ તથા ૪૨૪ ના ગામ નમુના નં. ૮-અ |
| ૨ | ૪૧ | સ.નં. ૩૮૭ પૈકી ૨ ના ગામ નમુના નં. ૭ |
| ૩ | ૪૨ | સ.નં. ૩૮૭ પૈકી ૨ ના ગામ નમુના નં. ૧૨ |
| ૪ | ૪૩ | સ.નં. ૪૨૪ ના ગામ નમુના નં. ૭ |
| ૫ | ૪૪ | સ.નં. ૨૬૯ ના ગામ નમુના નં. ૧૨ |
| ૭ | ૪૫ | ગામ નમુના નં. ૬ (હકકપત્રક) નોંધ નં.૩૫ |
| ૮ | ૪૬ | ગામ નમુના નં. ૬ (હકકપત્રક) નોંધ નં.૨૦૫ |
| ૯ | ૪૭ | ગામ નમુના નં. ૬ (હકકપત્રક) નોંધ નં.૧૦૨૫ |
| ૧૦ | ૪૮ | ગામ નમુના નં. ૬ (હકકપત્રક) નોંધ નં.૧૦૯૯ |
| ૧૧ | ૪૯ | ગામ નમુના નં. ૬ (હકકપત્રક) નોંધ નં.૩૩૨૯ |
| ૧૨ | ૫૦ | ગામ નમુના નં. ૬ (હકકપત્રક) નોંધ નં.૩૩૩૬ |

**પ્રતિવાદી તરફે રજૂ થયેલ મૌખિક પુરાવાઓ.**

| અનુક્રમ | આંક | પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | ૨૯ | પ્રતિવાદી નં– ૧ ધીરુભાઈ અરજણભાઈ કુમરખાણીયાનું સરતપાસનું સોગંદનામું. |

**(૦૪) આ કામે વાદીઓ દ્વારા વાદી નં. ૪ ભાવેશભાઇ લીંબાભાઇ કુમરખાણીયાનું આંક–૨૧ થી સરતપાસનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓ પોતાના કેસ ની હકીકતો ને સમર્થન**

**આપે છે. વાદી દ્વારા આંક–૨૬ થી કલોસીંગ પુરશીસ રજુ કરી વધુ પુરાવા આપવા માંગતા ન હોય તેવું જાહેર કરેલ છે. આ કામે પ્રતિવાદીના વિ.વકીલશ્રી દ્વારા વાદીની ઉલટતપાસ કરવામાં આવેલ જે નીચે મુજબ હોય.**

"મને લખતા–વાંચતા થોડુ–થોડુ આવડે છે. મારી ઉમર આશરે ૩૭ કે ૩૮ વર્ષની છે. મારા દાદાનુ નામ અરજણભાઈ ખીમાભાઈ કુમારખાણીયા છે. મારા દાદાજી તા. ૨૫/૦૮/૨૦૨૩ ના રોજ અવસાન થયેલ છે. મારા દાદાજીના અવસાન થયાને આશરે બે વર્ષ જેટલો સમય થયેલ છે. મારા પીતાજીનું નામ લીંબાભાઈ અરજણભાઈ કુમારખાણીયા છે. મારા બાપુજી તા. ૦૬/૦૬/૨૦૦૭ ના રોજ અવસાન થયેલ છે. મારા પીતાજીના અવસાન થયાને આશરે ૧૯ વર્ષ જેટલો સમય થયેલ છે. એ વાત ખરી છે કે મે મારો મુળ દાવો વાંચેલો તેમજ મે કરેલ મારુ સરતપાસનું સોગંદનામુ વાંચેલુ છે મારા મુળ દાવા મુજબ જ મારુ સરતપાસનું સોગંદનામુ છે. એ વાત ખરી છે કે મે મારી નોટીસ વાંચેલી અને નોટીસ મુજબ જ નામ. કોર્ટમા દાવો દાખલ કરેલો.

**સવાલ :** તમારે કુલ કેટલી જમીન આવેલી છે?

**જવાબ :** અમારે જમીન ૩૦ વીઘામા થોડી ઓછી રહે છે.

એ વાત ખરી છે કે આ બંને જમીન અલગ–અલગ છે અને સર્વે નંબર પણ અલગ–અલગ છે. મને સર્વે નંબરમા ખબર પડે છે. સર્વે નંબર ૩૮૭ પૈકી ૨ જે સડક પાસેના ખેતરના નામે ઓળખાય છે જે આશરે ૧૫ વીઘા જેટલુ છે તેમજ સર્વે નંબર ૪૨૪ ગાળીયાનું ખેતર જે આશરે ૧ ૪ વીઘા જેટલુ છે. એ વાત ખરી છે કે આ બંને વાડીઓ અમારે અલગ–અલગ જગ્યાએ આવેલી છે. એ વાત ખરી છે કે આ જમીનમા અમો વાદી ધિરાણ ઉપાડતા નથી અમારા દાદા હયાત હતા ત્યારે તેઓ ધિરાણ ઉપાડતા હતા. એ વાત ખરી છે કે મે રેવન્યુ ઓથોરીટી એટલે કે રેવન્યુ

રાહે કોઈ કાર્યવાહી કરેલ નથી કે કોઈ ભાગ પાડવા અંગેની અરજી મામલતદાર શ્રી કે પ્રાંત અધિકારી શ્રી ને આપેલ નથી. આ કામના પ્રતિવાદી નંબર ૧ મારા કાકા થાય છે. આ કામના પ્રતિવાદી નંબર ૨ મારા કાકી થાય છે તથા પ્રતિવાદી નંબર ૩ થી ૬ મારા ભાઈઓ અને બહેનો(કાકા ના સંતાનો) થાય છે. આ દાવાવાળી જમીનમા હું આશરે ૧૯ વર્ષથી ખેતી કામ કરુ છુ તે પહેલા મારા પીતાજી આ જમીનમા ખેતી કામ કરતા હતા. એ વાત ખરી છે કે મારા દાદાજીએ તેમની હયાતીમા આશરે ૪૦ વર્ષ પહેલા મારા બાપુજીને આ જમીન આપી દીધેલી. એ વાત ખરી નથી કે મારા દાદજીએ તેમની હયાતીમા ત્રણેય દિકરાઓને આ જમીન આપી દીધેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા દાદજીએ મારા પીતાજીને અને મારા કાકા પરસોતમભાઈ અરજણભાઈને હયાતીમા જમીન આપેલી. એ વાત ખરી છે કે મારા દાદજીએ તેમની હયાતીમા અમો વાદીના પીતાને કબ્જો સોંપી દીધેલો તેમજ પરસોતમભાઈને પણ આ ખેતીની જમીનમા કબ્જો સોંપી દીધેલો. એ વાત ખરી છે કે અમારા દાદાજીએ જે જમીનનો કબ્જો અમોને સોંપેલો તે જમીન તે જ સ્થીતીમા હાલ અમો વાદી પાસ ે છે. મારી પાસે હાલ આશરે ૬ વીઘા જેટલી જમીનનો કબ્જો છે. પરસોતમભાઈ પાસે આશરે ૯ વીઘા જેટલી જમીનનો કબ્જો છે. આ કામના પ્રતિવાદી નંબર ૧ ધિરૂભાઈ અરજણભાઈ કુમારખાણીયા પાસે આશરે ૧૨ વીઘા જેટલો જમીનનો કબ્જો ધરાવે છે અને આ જમીનમા તેઓ ખેતી કામ કરે છે. આ કામના પ્રતિવાદી નંબર ૧ આશરે ૪૦ વર્ષથી આ જમીન ઉપર ખેતી કરે છે અને આ જમીનનો કબ્જો ધરાવે છે. આ કામના પ્રતિવાદી નંબર ૧ પાસે સર્વે નંબર ૩૮૭ પૈકી ૨ વાળી ખેતીની જમીનમાથી આશરે ૬ વીઘા થી વધુ ખેતીની જમીન છે અને તેમા તેઓ વાવેતર

કરે છે તેમજ કબ્જો ધરાવે છે તેવી જ રીતે આ કામના પ્રતિવાદી નંબર ૧ પાસે સર્વે નંબર ૪૨૪ વાળી ખેતીની જમીનમાથી આશરે ૬ વીઘા થી વધુ ખેતીની જમીન છે અને તેમા તેઓ વાવેતર કરે છે તેમજ કબ્જો ધરાવે છે. એ વાત ખરી છે કે રેવન્યુ રેકર્ડ ૭/૧૨ ૮–અ મુજબ બંને જમીનોમા કુવાઓ આવેલા છે. આ કામના પ્રતિવાદી નંબર ૧ ની ભાગની જમીનમા એક કુવો આવેલો છે અને તેમા તેઓ પીયત કરે છે. આ કામના પ્રતિવાદી નંબર ૨ થી ૬ પાસે સર્વે નંબર ૩૮૭ પૈકી ૨ વાળી ખેતીની જમીનમાથી આશરે ૪ વીઘા જેટલી ખેતીની જમીન છે અને તેમા તેઓ વાવેતર કરે છે તેમજ કબ્જો ધરાવે છે તેવી જ રીતે આ કામના પ્રતિવાદી નંબર ૨ થી ૬ પાસે સર્વે નંબર ૪૨૪ વાળી ખેતીની જમીનમાથી આશરે ૫ વીઘા થી વધુ ખેતીની જમીન છે અને તેમા તેઓ વાવેતર કરે છે તેમજ કબ્જો ધરાવે છે. એ વાત ખરી છે કે પ્રતિવાદી નંબર ૧ એ પોતાના પાસે જે જમીનનો કબ્જો ધરાવે છે તેમા જે પણ ખર્ચો થાય જેવો કે ખેતીની જમીનનુ લેવલીંગ કરવુ, બીયારણ લાલવુ, મજુરોને મજુરી ચુકવવી, ટ્રેકટર લાવવુ વિગેરે થતો તમામ ખર્ચ પ્રતિવાદી નંબર ૧ કરે છે. એ વાત ખરી છે કે પ્રતિવાદી નંબર ૨ થી ૬ એ પોતાના પાસ ે જે જમીનનો કબ્જો ધરાવે છે તેમા જે પણ ખર્ચો થાય જેવો કે ખેતીની જમીનનુ લેવલીંગ કરવુ, બીયારણ લાલવુ, મજુરોને મજુરી ચુકવવી, ટ્રેકટર લાવવુ વિગેરે થતો તમામ ખર્ચ પ્રતિવાદી નંબર ૨ થી ૬ કરે છે. એ વાત ખરી નથી કે મારે પ્રતિવાદીની જમીન ગેરકાયદેસર રીતે પડાવી લેવી હોય જેથી ખોટો દાવો કરેલ હોય જેના અનુસંધાને ખોટી જુબાની આપુ છુ."

**(૦૫) આ કામે પ્રતિવાદીઓ દ્વારા પ્રતિવાદી નં.૧ ધીરુભાઇ અરજણભાઇ કુમરખાણીયા નું આંક–૨૯ થી સરતપાસનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓ પોતાના જવાબની હકીકતો ને સમર્થન આપે છે. પ્રતિવાદી દ્વારા આંક–૩૩ થી કલોસીંગ પુરશીસ રજુ કરી વધુ પુરાવા**

**આપવા માંગતા ન હોય તેવું જાહેર કરેલ છે. આ કામે વાદીના વિ.વકીલશ્રી દ્વારા પ્રતિંવાદીની ઉલટતપાસ કરવામા આવેલ જે નીચે મુજબ હોય.**

"મને વાંચતા–લખતા આવડતુ નથી. મારી જમીન અમરાપુર ગામે આવેલી છે. એ વાત ખરી છે કે આ જમીન વડીલોપાર્જીત છે. એ વાત ખરી નથી કે આ જમીન વડીલોપાર્જીત જમીન હોય જેથી બધાને સરખે ભાગે મળે છે.

**સવાલ :** અરજણભાઈ ખીમાભાઈના કબ્જામા કેટલા વીઘા જમીન રાખેલી?

**જવાબ :** આશરે ૨૭–૨૮ વીઘા જેટલી જમીન હતી.

**સવાલ :** અરજણભાઈ ખીમાભાઈને ખોરાકી પેટે કેટલા વીઘા જમીન રાખેલી?

**જવાબ :** કઈ રાખેલી નહી. એ વાત ખરી છે કે અરજણભાઈ ખીમાભાઈની જમીનના સરખા ત્રણ ભાગ પાડેલા.

એ વાત ખરી છે કે અરજણભાઈ ખીમાભાઈની જમીન આજ થી ત્રીસ વર્ષ પહેલા મોઢાની બોલ ે ભાગ પાડેલા પરંતુ કોઈ માંપણી કરીને ભાગ પાડેલા નહી. એ વાત ખરી છે કે હાલમા કુલીબેન લીંબાભાઈની જમીન કરતા મારી(ધિરૂભાઈ અરજણભાઈ કુમારખાણીયા) પાસ ે જમીન વધારે છે.

**સવાલ :** તમારી જમીનના સર્વે નંબર તથા ક્ષેત્રફળ કેટલા છે?

**જવાબ :** હું અભણ છુ જેથી મને ખબર નથી.

એ વાત ખરી છે કે જમીન આપતી વખતે કોઈ વધ–ઘટનું લખાણ કરેલ નહી. એ વાત ખરી છે કે મને મારી સરતપાસનું સોગંદનામુ વાંચી સંભળાવેલુ. એ વાત ખરી છે કે મે સોગંદનામુ આપેલુ છે તે મે સાચુ લખાવેલ છે.

**સવાલ :** હાલના વાદી તથા પ્રતિવાદીના સંયુકત નામે ૭/૧૨ તથા ૮/અ નીકળે છે?

**જવાબ :** મને ખબર નથી. હાલનો દાવો જમીન સરખી કરાવવા માટે મારા વિરૂધ્ધ કરેલ છે.

**સવાલ :** હાલનો દાવો વહેંચણી કરવા માટે અને પોત–પોતાના અલગ ૭/૧૨

બને તે માટે કરેલ છે?

**જવાબ :** હાલનો દાવો જમીન સરખી કરવા માટે કરેલો છે.

એ વાત ખરી છે કે મે મારા સરતપાસના સોગંદનામાના પારા–૧ મા જણાવેલ કે મારા ગામના જેરામભાઈ સોમાભાઈની હાજરીમા વાદી તથા પ્રતિવાદી દવારા ઘરે મેળે વહેંચણી કરેલ હોય તેવો કોઈ લેખીત આધાર પુરાવો મારી પાસે નથી.

**સવાલ :** તમે સરકારી ખરાબો વાળેલો છે?

**જવાબ :** ના.

**સવાલ :** તમારી પાસે કેટલી જમીનનો કબ્જો છે?

**જવાબ :** મારા ભાગે વધારે જમીન આવેલી છે, કેટલી જમીન આવેલી છે તે મને ખબર નથી.

**સવાલ :** તમે તમારી માલિકીની જમીનમા મકાન બનાવેલુ છે અને કેટલો ખર્ચ કરેલો છે?

**જવાબ :** ના અને મકાનમા આશરે ૧૦–૧૨ લાખ જેટલો ખર્ચ થયેલો.

**સવાલ :** આ મકાન તમોએ સરકારી ખરાબામા બનાવેલ છે?

**જવાબ :** હા.

એ વાત ખરી છે કે જે જમીન વાવતા હોય તે જમીનમા ખર્ચ પોતાને કરવાનો હોય છે. એ વાત ખરી છે કે સંયુકત જમીનમા મે જે ખર્ચ કરેલો હોય તેના કોઈ લેખીત આધાર–પુરાવા મારી પાસ

નથી. એ વાત ખરી છે કે મારો દિકરો કોન્ટ્રાકટ બેઝ પર ટ્રાફીકમાં રાજકોટ છે. એ વાત ખરી નથી કે દાવાની નોટીસ આપવા કોર્ટ સ્ટાફ આવેલ ત્યારે મારે કોર્ટ સ્ટાફ સાથે બબાલ થયેલી અને કહેલ કે મારો દિકરો રાજકોટ નોકરી કરે છે તેમની સાથે ફોનમા વાત કરી લો ત્યારે વિશાલ કોર્ટના સ્ટાફને કહેલ કે તમે દિવસ આથમ્યા બાદ નોટીસ આપવા આવી શકો નહી અને આવો તો તમારા પગ ભાંગી નાંખીશ. એ વાત ખરી છે કે મે મારા સરતપાસના સોગંદનામામા કયા સર્વે નંબર તથા કયા ખાતા નંબર છે તેનો કોઈ ઉલ્લેખ કરેલ છે. એ વાત ખરી છે કે હું કયા સર્વે નંબર કે કયા ખાતા નંબર બાબતે જુબાની આપવા આવેલ છુ તેની પણ મને ખબર નથી. એ વાત ખરી છે કે રેવન્યુ રેકર્ડ મુજબ જમીનની વહેંચણી કરવી હોય તો ૭/૧૨ મા જેટલા વ્યકિતઓના નામ હોય તેઓની સહમતી લેવી પડે. એ વાત ખરી છે કે આવી સહમતી એક ભાઈ ન આપે તો જમીનની વહેંચણી ન થાય. એ વાત ખરી છે કે હું હાલની દાવવાળી જમીનની વહેંચણી કરવા માંગુ છુ. એ વાત ખરી છે કે હાલના દાવવાળી જમીનના સરખા ભાગે વહેંચણી કરવા માંગતો નથી. એ વાત ખરી નથી કે વાદીને સરખા ભાગે જમીન આપવી ન હોય વાદીના નામના અલગ ૭/૧૨ બનાવવા દેવા ન હોય જેથી સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.**”**

**(૦૬) આ કામે વાદીપક્ષે તેમની દાવા અરજી મુજબની દલીલો કરેલ છે કે,** ગુ. અરજણભાઇ ખીમાભાઇ કુમરખાણીયા વાદી નં. ૧ ના સસરા થાય છે અને વાદી નં. ૨ થી ૫ ના દાદા થાય છે. અરજણભાઇ ના મરણ બાદ તેઓના વારસાઇ આંબાના આધારે હકકપત્રક નં. ૬ ની નોંધ નં. ૩૩૨૯ તા. ૦૯/૧૦/૨૦૨૩ થી દાખલ થયેલ હોય જેની અસર આપ્યાની તા. ૨૧/૧૧/૨૦૨૩ થી કરેલ હોય અને જેના આધારે વાદીઓ અને પ્રતિવાદીઓના નામ વારસાઇ ના રૂએ સામેલ થયેલ હોય. વધુમાં, એવી દલીલ કરેલ છે કે, પ્રતિવાદીઓ તરફે તેઓએ પંદર લાખનો વાદગ્રસ્ત જમીનમાં ખર્ચ

કરેલ હોય તેવો કોઇ લેખીત આધાર પુરાવો રજુ કરેલ નથી અને પ્રતિવાદીઓના કહેવા મુજબ જેરામભાઈની હાજરીમાં ઘરમેળે વાદગ્રસ્ત મિલકતની મૌખિક વહેચણી થયેલ હોય પરંતું તેવા જેરામભાઇને પ્રતિવાદીઓએ સાક્ષી તરીકે તપાસવામાં આવેલ નથી. વધુમા, એવી દલીલ કરેલ છે કે, વાદગ્રસ્ત મિલકત વડીલોપાર્જીત મિલકત છે જે પ્રતિવાદીઓ ખુદ કબુલ રાખે છે. તેમજ ગુ. અરજણભાઇના પાંચ વારસદારો પૈકી તેમની બે પુત્રીઓએ તેમનો હકક જતો કરેલ છે. જેમાં પ્રતિવાદીઓને કોઇ વાંધો તકરાર નથી. આમ, વાદગ્રસ્ત મિલકત ના સરખા ત્રણ ભાગ પાડવા નમ્ર અરજ કરેલ છે.

ત્યારબાદ પ્રતિવાદીઓએ આંક – ૫૪ થી લેખિત દલીલો રજુ કરેલ અને **વધુમા એવી દલીલ કરેલ છે કે,** આ કામે વાદી પોતાની જમીન ક્યાં આવેલી છે તેનો કોઇ લેખીત પુરાવો દાવામાં રજુ કરેલો નથી, આ કામે વાદી આપેલ નોટીસમાં પણ વાદીની જમીન ક્યાં આવેલી છે તેનો કોઇ લેખીત આધાર રજુ કરેલો નથી. વાદીએ તેના મુળ દાવામાં કોઈ ડી.એલ.આર. ની માપણીસીટ રજુ રાખેલ નથી કે જમીન માં તેનો હીસ્સો ક્યાં છે તેવી કોઈ સરકારી કે અર્ધ સરકારી માપણી કરાવેલ નથી. વાદીએ રેવન્યુ ઓથોરીટી નીચે કોઈ અરજી કરેલ નથી. રેવન્યુ ઓથોરીટીને સંપુર્ણ સતા હોવા છતા નામદાર કોર્ટને ગેર માર્ગે દોરાવી વાદીએ દાવો કરેલ છે. પ્રાંત અધિકારી સાહેબશ્રીને હિસ્સો આપવાની સંપુર્ણ સત્તા રેવન્યુ ઓથોરીટીમાં છે.વાદીનો હીસ્સો ક્યાં છે? કેટલો છે? તેવો કોઇ ઉલ્લેખ વાદી તેના મુળ દાવામાં કરેલ નથી કે વાદીએ પોતાની જમીન ક્યાં અને કેટલી છે? તેવી કોઈ ડી.એલ.આર. કચેરી માં માપણી કરવેલ નથી કે આવી કોઇ માપણી સીટ મુળ દાવામા રજુ કરેલ નથી. વાદી પાસે કેટલી જમીન છે તેવુ કોઇ કોર્ટ કમીશનર નું પંચનામુ પણ કરેલ ન હોય.વાદી રેવન્યુ ઓથોરીટી નીચે એકેય અરજી કરેલ નથી. વધુમાં, એવી દલીલ કરેલ છે કે, વાદગ્રસ્ત જમીનની ચાલીસ વર્ષ પહેલા જમીનના મુળ માલીક વાદીના દાદાએ ભાગ પાડી લીધેલ હોય જે વાદીની જુબાનીથી સાબીત થાય છે જેથી વાદીનો દાવો રદ કરવા અરજ કરેલ છે.

(૦૭) **આ કામે દાવાના નિર્ણય અર્થે મારા પુરોગામી ન્યાયાધીશ દ્વારા નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલા છે.**

**૧.** શું વાદી સાબિત કરે છે કે, વાદગ્રસ્ત જમીન રાજકોટ જીલ્લાના વિંછીયા તાલુકા ના અમરાપુર ગામના ખાતા નંબર ૨૫૮ માં આવેલ રે.સ.ન.૩૮૭ પૈકી ૨ વાળી જરાયત પ્રકાર ની "સડક પાસે" તરીકે ઓળખાતી જમીન જેના હે.આરે.ચો.મી. ૨–૫૫–૯૭ તથા રે.સ.નં. ૪૨૪ જરાયત પ્રકાર ની કે જે " ગાળિયાનું ખેતર" તરીકે ઓળખાતી જમીન જેના હે.આરે.ચો.મી. ૨–૨૫–૬૧ વાળી જમીનો ગુજરનાર અરજણભાઈ ખીમાભાઈ કુમરખાણીયાનાઓની વડિલોપાર્જિત મિલકત છે ?

**૨.** શું વાદી સાબિત કરે છે કે, તેઓ ગુજરનાર અરજણભાઈ ખીમાભાઈ કુમરખાણીયાના વારસદાર છે ?

**૩.** શું વાદી સાબિત કરે છે કે, વાદગ્રસ્ત મિલકત માં તેઓ વરસાઈ ના રુએ હિસ્સો રહેલો છે? જો હા તો કેટલો?

**૪.** શું વાદી માંગ્યા મુજબનું પાર્ટીશન મેળવવા હક્કદાર છે?

**૫.** શું હાલનો દાવો પ્રવર્તમાન કાયદાની જોગવાઈ થી બાધિત છે?

**૬.** શું હુકમ અને હુકમનામું?

(૦૮) **ઉપરોક્ત મુદ્દા સંદર્ભેનાં તારણો નીચે મુજબ છે.**

**૧. હકારમાં.**

**૨. હકારમાં.**

**૩. હકારમાં, સંયુકત રીતે ૧/૩ હીસ્સો.**

**૪. હકારમાં.**

**૫. નકારમાં.**

**૬. આખરી હુકમ મુજબ.**

//કારણો//

**મુદ્દા નં.૧ અને ૨**

**મુદ્દા નં.૧ અને ૨ એકબીજા સાથે સંકળાયેલા હોય તેની ચર્ચા સંયુક્ત રીતે કરવામાં આવે છે.**

(૦૯) હાલના દાવાના કામે વાદી નં. ૪ ભાવેશભાઈ લીંબાભાઈ કુમરખાણીયા પોતાના આંક–૨૧ વાળા સરતપાસનું રજુ રાખેલ છે જેમાં તેઓ પોતાના કેસ ની હકીકતો ને સમર્થન આપે છે. હાલના કામે અરજણભાઇ ખીમાભાઇ કુમરખાણીયાનાઓની તા. ૨૫/૦૮/૨૦૨૩ ના રોજ અવસાન પામેલ છે તે બાબતે કોઈ તકરાર નથી. હાલના કામે વાદી ધ્વારા રજુ દસ્તાવેજો મુજબ નોધ નં . ૩૫ થી વાદગ્રસ્ત ખેતી ની જમીનોના મુળ ખાતેદાર નાનજી નારણ હતા ત્યારબાદ તેઓનું અવસાન તા. ૧૦/૦૪/૧૯૫૯ ના રોજ થતા તા. ૩૦/૦૪/૧૯૬૦ ના રોજ નોધ નં. ૨૦૫ થી તેઓ ના બેવું દીકરા ખીમા અને ભીમા નાનજી ના નામે થયેલ અને ત્યારબાદ કોળી ખીમા નાનજી ગુજરી જતા તના વારસદાર અરજણ ખીમા, આંબા ખીમા , કહાડી ખીમા, જમના ખીમા અને કશી ખીમા ના નામે થયેલ અને કોળી ભીમા નાનજી ગુજરી જતા તેમના કોઈ વારસદાર ના હોવાથી ઉપરોક્ત વારસદારો ના સંયુક્ત નામે તા. ૧૦/૧૨/૧૯૯૨ ના રોજ નોંધ નં ૧૦૨૫ થી આવેલ અને ત્યારબાદ ઉપરોક્ત વારસદારો ની ઘરમેળે વહેચણી થતા તા . ૦૭/૦૩/૧૯૯૪ ના રોજ નોંધ નં– ૧૦૯૯ થી અરજણ ખીમા ના હિસ્સે ર.સ.નં. ૩૮૭ પૈકી ૬–૧૩ અને રે.સ.ન. ૪૨૪ ૫–૨૩ આવેલ . જે દસ્તાવેજી પુરાવા આંક – ૪૫ થી ૪૮ સુધી રજુ છે. આંક – ૪૫ થી ૪૮ સુધીના દસ્તાવેજો નરી આખે વાંચતા ન હોય જેથી વાદી ધ્વારા તેની ટાઈપ કોપી રજુ કરેલ હોય.વધુ માં **વાદી ધ્વારા પ્રતિવાદી નં ૧ ની આંક– ૨૯ થી ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં તેઓ સ્વીકારે છે કે "આ જમીન વડીલોપાર્જિત છે".** વધુ માં **પ્રતિવાદી ધ્વારા ઉપરોક્ત હકીકતો ને પડકારેલ પણ નથી.** આમ ઉપરોક્ત ચર્ચા અનુસાર એ હકીકત ફલિત થાય છે કે, વાદગ્રસ્ત જમીનો ગુ. અરાજનભાઈ ખીમાભાઈ કુમરખાણીયાનોની વડિલોપાર્જિત મિલકત છે. વધુમાં વાદીઓ ગુ. લીંબાભાઈ અરાજનભાઈ કુમરખાણીયાના સીધી લીટી ના વારસદાર છે તેવું વાદી દ્વારા પુરવાર કરેલ છે અને ગુ. લીંબાભાઈ

અરાજનભાઈ કુમરખાણીયા ગુ. અરાજનભાઈ ખીમાભાઈ કુમરખાણીયા ના પુત્ર થાય છે તેને પણ વાદી દ્વારા પુરવાર કરેલ છે અને ઉપરોક્ત હકીકત ને પણ પ્રતિવાદી ધ્વારા સ્વીકારેલ છે. આથી મુદ્દા નં.૧નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નં.૩ અને ૪**

**મુદ્દા નં.૩ અને ૪ એકબીજા સાથે સંકળાયેલા હોય તેની ચર્ચા સંયુક્ત રીતે કરવામાં આવે છે.**

**(૧૦) વાદી નં.૪** ભાવેશભાઈ લીંબાભાઈ કુમરખાણીયા **પોતાના સરતપાસના સોગંદનામાં જણાવેલ છે કે,** આ કામના વાદીઓ તથા પ્રતિવાદીઓના નામ જોગની સદરહુ ખેતીની જમીન રાજકોટ જીલ્લાના વિંછીયા તાલુકા ના અમરાપુર ગામના ખાતા નંબર ૨૫૮ માં આવેલ રે.સ.ન.૩૮૭ પૈકી ૨ વાળી જરાયત પ્રકાર ની "સડક પાસે" તરીકે ઓળખાતી જમીન જેના હે.આરે.ચો.મી. ૨-૫૫-૯૭ તથા રે.સ.નં. ૪૨૪ જરાયત પ્રકાર ની કે જે " ગાળિયાનું ખેતર" તરીકે ઓળખાતી જમીન જેના હે.આરે.ચો.મી. ૨-૨૫-૬૧ વાળી જમીનો વાદીઓ તથા પ્રતિવાદીના સંયૂક્ત નામે તથા સંયૂક્ત માલિકી કબજા ભોગવટામા આવેલ છે. જે દર્શાવતું વાદી દ્વારા આંક-૪૦, ૪૧, ૪૨, ૪૩ અને ૪૯ થી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે અને જે બાબતે પ્રતિવાદીને કોઇ વાંધો તકરાર નથી. હાલના કામે પ્રતિવાદીઓ નો એવો બચાવ છે કે વાદી ના પતિ તથા પ્રતિવાદીઓ વચ્ચે આશરે ૩૦ વર્ષ પહેલા તેમના વડવાઓ એ ખેતી ની જમીન ની ઘરમેળે વહચણી કરી ભાગ પડેલ હોય જેથી વાદીઓ ને પાર્ટીશન મેળવવાનો કોઈ હક્ક નથી. હાલના કામે વાદી ધ્વારા કરવામાં આવેલ પ્રતિવાદી નં – ૧ ની આંક ૨૯ થી ઉલટતપાસમાં તેઓ સ્વીકારે છે કે " *અરજણભાઈ ખીમાભાઈ ની જમીન ના સરખા ત્રણ ભાગ પડેલા છે"* , *"અરજનભાઈ ખીમાભાઈ ની જમીન આજથી ત્રીસ વર્ષ પહેલા મોઢાની બોલે ભાગ પડેલા પરતું કોઈ લેખિત માપણીકરીને ભાગ પાડેલા નહિ"," જમીન આપતી વખતે કોઈ વધ- ઘટ નું લખાણ કરેલ નહિ", " મારા સરતાપાસ ના સોગંદનામાં ના પેરા- ૧ માં જણાવેલ કે મારા ગામના જેરામભાઈ સોમાભાઈ ની હાજરી માં વાદીતથા પ્રતિવાદી દ્વારા ઘરે મેળે વહેંચણી કરેલ*

*હોય તેવો કોઈ લેખિત આધાર પુરાવો મારી પાસે નથી "*. આમ પ્રતિવાદીઓ ધ્વારા ત્રીસ વર્ષ પહેલા ખેતી ની જમીન ની ઘરમેળે વહચણી કરી ભાગ પડેલ હોય તે દર્શાવતો કોઈ પુરાવો રજુ કરેલ નથી અને જેની હાજરી માં ભાગ પડેલ નું પ્રતિવાદી જણાવે છે તે જેરામભાઈ સોમાભાઈ ને પણ સાક્ષી તરીકે તપાસેલ નથી.આથી પ્રદીવાદીઓ વાદગ્રસ્ત જમીન મા આશરે ૩૦ વર્ષ પહેલા ઘરમેળે ભાગ પડેલ હોય તેવું પુરવાર કરી શકેલા નથી. વધુમાં, પ્રતિવાદીઓ દ્વારા તેવો બચાવ લીધેલ છે, તેઓ દ્વારા વાદગ્રસ્ત મિલકતમાં પંદર લાખ રૂપિયા જેટલો ખર્ચ કરેલ હોય જે ખર્ચ પેટે વાદીએ પ્રતિવાદીને કોઇ રકમ આપેલ નથી. જે સંદર્ભમાં પ્રતિવાદીની આંક-૨૯ ની ઉલટતપાસ જોતાં, તેઓ પોતે સ્વીકારે છે કે, " સંયુકત જમીનમાં મે જે ખર્ચ કરેલ છે તેનો કોઇ લેખીત આધાર પુરાવો મારી પાસે નથી. " આમ, પ્રતિાવાદી તરફે પંદર લાખ રૂપિયા જેટલી મોટી રકમનો ખર્ચ કર્યાનો કોઇપણ લેખીત પુરાવો રજુ કરેલ નથી. જેથી ખર્ચ કર્યાની હકીકત પ્રતિવાદીઓ પુરવાર કરી શકેલા નથી.

**(૧૧)** વધુમાં, આ કામે મુદ્દા નં.૧ અને ૨ માં અત્રેની કોર્ટે એવું ઠરાવેલ છે કે, ગુજરનાર અરજણભાઈ ખીમાભાઈ કુમરખાણીયાની ખેતીની જમીન રાજકોટ જીલ્લાના વિંછીયા તાલુકા ના અમરાપુર ગામના ખાતા નંબર ૨૫૮ માં આવેલ રે.સ.ન.૩૮૭ પૈકી ૨ વાળી જરાયત પ્રકાર ની "સડક પાસે" તરીકે ઓળખાતી જમીન જેના હે.આરે.ચો.મી. ૨-૫૫-૯૭ તથા રે.સ.નં. ૪૨૪ જરાયત પ્રકાર ની કે જે " ગાળિયાનું ખેતર" તરીકે ઓળખાતી જમીન જેના હે.આરે.ચો.મી. ૨-૨૫-૬૧ વાળી જમીનો એ ગુજરનારની વડિલોપાર્જિત મિલકત છે અને તેથી ગુજરનારના સીધી લીટીના વારસદારોમાં સદરહુ જમીન હિન્દુ સકસેશન એકટની કલમ-૧૦ મુજબ કરવાની હોય છે. જેની જોગવાઈઓ નીચે મુજબ છે.

*10. **Distribution of property among heirs in class I of the Schedule**. The property of an intestate shall be divided among the heirs in class I of the Schedule in accordance with the following rules:—*

***Rule*** *1. The intestate's widow, or if there are more widows than one, all the widows together, shall take one share.*

***Rule*** *2. The surviving sons and daughters and the mother of the intestate shall each take one share.*


***Rule*** *3. The heirs in the branch of each pre-deceased son or each pre-deceased daughter of the intestate shall take between them one share.*

***Rule*** *4. The distribution of the share referred to in Rule 3—*

(i) *among the heirs in the branch of the pre-deceased son shall be so made that his widow (or widows together) and the surviving sons and daughters gets equal portions; and the branch of his predeceased sons gets the same portion;*

*(ii) among the heirs in the branch of the pre-deceased daughter shall be so made that the surviving sons and daughters get equal portions.*

**(૧૨)** ઉપરોક્ત જોગવાઈઓ પ્રમાણે હાલના દાવામાં પણ વહેચણી થવી જરૂરી છે. ગુજરનાર અરજણભાઈ ખીમાભાઈ કુમરખાણીયાના સીધી લીટીના વારસદારોમાં પ્રથમ શાખામાં પાચ જણનો સમાવેશ થાય છે. ૧. ગુજરનાર લીંબાભાઈ અરજણભાઈ કુમરખાણીયા (પુત્ર) નં.૨ ધીરુભાઈ અરજણભાઈ કુમરખાણીયા (પુત્ર), નં ૩ ગુજરનાર પરસોત્તમભાઈ અરજણભાઈ કુમરખાણીયા (પુત્ર), નં. ૪ રાજુબેન અરજણભાઈ કુમરખાણીયા (પુત્રી), નં.૫ પ્રભાબેન અરજણભાઈ કુમરખાણીયા (પુત્રી).



(૧૩) ઉપરોક્ત સીધી લીટી ના વારસદારો માંથી રાજુબેન અરજણભાઈ કુમરખાણીયા અને પ્રભાબેન અરજણભાઈ કુમરખાણીયા નાઓએ પોતાનો હક્ક જતો કરેલ હોય તેવું આંક–૪૦ ના દસ્તાવેજથી ફલિત થાય છે અને પ્રતિવાદીઓ ધ્વારા પણ ઉપરોક્ત હકીકત ને લગત કોઈ વાંધો/તકરાર છે નહિ. જેથી ગુજરનાર અરજણભાઈ ખીમાભાઈ કુમરખાણીયા ના ત્રણ વારસદારો ગુજરનાર લીંબાભાઈ અરજણભાઈ કુમરખાણીયા (પુત્ર), ધીરુભાઈ અરજણભાઈ કુમરખાણીયા (પુત્ર), ગુજરનાર પરસોત્તમભાઈ અરજણભાઈ કુમરખાણીયા (પુત્ર)ના વચ્ચે વાદગ્રસ્ત મિલકત ની વહેંચણી થઈ શકે. આમ, વાદગ્રસ્ત મિલકતમાં હિન્દુ સકસેશન એકટની કલમ–૧૦ મુજબ ત્રણ સરખા હિસ્સા પડી શકે અને ગુજરનાર લીંબાભાઈ અરજણભાઈ કુમરખાણીયાના **પાંચ વારસદારો વાદી નં. ૧ થી ૫ નાઓને સંયુક્ત રીતે ૧/૩ હિસ્સો પોશાય છે અને પ્રતિવાદી નં ૧ નો ૧/૩ હિસ્સો પોશાય છે તથા ગુજરનાર** પરસોત્તમભાઈ અરજણભાઈ કુમરખાણીયા ના વારસદારો પ્રતિવાદી ૨ થી ૬ નો **સંયુક્ત રીતે ૧/૩ હિસ્સો પોશાય છે. તેવું ઠરાવું છું.**

**(૧૪) વધુમાં વાદીએ આ કામે કોઈ પેઢીનામું રજૂ કરેલ નથી. જેથી ટેકનિકલ કારણોસર વાદીનો દાવો રદ કરવા પાત્ર જણાઈ આવે છે. પરંતુ હાલના દાવામાં જો આવી યાંત્રિક ટેકનિકાલિટીનો આગ્રહ રાખવામાં આવે તો અંતે તમામ પક્ષકારોને નુકસાન જાય તેમ છે. આથી માત્ર પેઢીનામું ન રજૂ કરવાના કારણોસર વાદીનો દાવો કાઢી નાખવો ન્યાયોચિત જણાઈ આવતું નથી.**

(૧૫) વધુમાં વાદીપક્ષે ખેતીની જમીન બાબતે વહેંચણી માંગેલ છે. જે બાબતે 2001 *(2) GLR 1679 (RAVATSINH RANUBHA vs. V. S.SINHA OR HIS SUCCESSOR AND ORS.)* ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે,

> *In view of such provisions and especially explanation to Sec. 2(2) and sub-rule (2) to Rule 18, Order 20 which provide to pass preliminary decree qua the properties other than properties assessed to the payment of revenue to Government, the decree passed directing to partition the agricultural land will*

*be the final decree as the Civil Court has nothing further to do in the matter, which is required to be done when properties other than agricultural land are ordered to be partitioned. After the decree directing the Collector to partition the agricultural lands subject to land revenue is passed, the Civil Court has even not to execute the decree; the Collector has to partition and put the concerned parties into the possession of the portions fallen to their share. The Civil Court has then not to even adjudicate any issue. Hence, by passing the decree qua agricultural lands the suit is finally and completely disposed of. The decree passed ordering to partition the properties both agricultural as well as non-agricultural properties, will be the final decree so far as it relates to agricultural lands subject to land revenue, while it will be the preliminary decree so far as it relates to the properties, not assessed to the payment of revenue to Government. (Para ૭) .*

આથી સદરહું ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત મુજબ આ કામે પ્રાથમિક હુકમનામાને આખરી હુકમનામું ગણવાનું રહેશે.

**(૧૬)** જેથી ઉપરોક્ત ચર્ચા/મુલ્યાંકન લક્ષમાં લેતાં, વાદીપક્ષે દાવામાં વર્ણવેલ રાજકોટ જિલ્લાનાં **વીંછિયા તાલુકાનાં મોજે અમરાપુર ગામના ખાતા ૨૫૮ માં આવેલ રે.સ.ન.૩૮૭ પૈકી ૨ વાળી જરાયત પ્રકાર ની "સડક પાસે" તરીકે ઓળખાતી જમીન જેના હે.આરે.ચો.મી. ૨-૫૫-૯૭ તથા રે.સ.નં. ૪૨૪ જરાયત પ્રકાર ની કે જે " ગાળિયાનું ખેતર" તરીકે ઓળખાતી જમીન જેના હે.આરે.ચો.મી. ૨-૨૫-૬૧ ખેતીની જમીન નો ઉપરોકત જણાવેલ હિસ્સો હોવાની હકીકત જણાઈ આવે છે.**

**<u>મુદ્દા નં.૫</u>**

(૧૭) **સાક્ષ્ય ધારાની કલમ-૧૦૪ તથા ૧૦૫** ના પ્રબંધો મુજબ કાયદાનો પ્રસ્થાપિત સિદ્ધાંત એવો છે કે, પુરાવાનો ભાર હંમેશા હકારાત્મક હોય છે જેથી જે હકીકત તરીકે જાહેર કરનાર ઉપર પુરાવાનો ભાર રહેલો છે તેનો ઈનકાર કરનાર પર નહિ જેથી પ્રારંભિક સાબિતીનો ભાર વાદી ઉપર રહેલો છે કે, જેથી અદાલત સમક્ષ એવી હકીકત પુરવાર થાય કે, વાદીએ જણાવેલ હકીકત કાયદેસર રીતે યોગ્ય છે ત્યારે અદાલત વાદીપક્ષની તરફેણમાં હુકમનામું કરવા વિચારણા કરી શકે છે ત્યારબાદ પુરાવાની જવાબદારી પ્રતિવાદીપક્ષના શીરે રહે છે. જેથી પ્રતિવાદીપક્ષની નબળાઈ કે દાખવેલ બેદરકારીથી વાદીપક્ષ પરનો પુરાવાનો બોજો ક્યારેય ખસતો નથી. આ કામે પ્રતિવાદીઓ દ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, વાદી દ્વારા હાલનાો દાવો દાખલ કર્યા પહેલા મામલતદાર એકટ મુજબ મામલતદાર કોર્ટમાં દાવો કરવો જોઇએ જેથી હાલના કામે મામલતદાર કોર્ટ એકટનો દાવો બાધ નળે છે. હાલના કેસમાં પ્રતિવાદીઓ દ્વારા મામલતદાર એકટની કઇ કલમ હેઠળ બાધ નળે છે તેવી કોઇ દલીલ કરવમાં આવેલ નથી. વધુમાં કાયદાની જોગવાઇ મુજબ વહેંચણીનો દાવો સિવીલ કોર્ટમાં જ કરવો પડે મામલતદારશ્રીને વહેચણીનો દાવો નકકી કરવાની કોઇ સત્તા નથી. આમ, પ્રતિવાદી દ્વારા વાદીના દાવાને કોઇ વર્તમાન કાયદાની જોગવાઇનો બાધ નળતો હોય તેવો કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. તેથી **મુદ્દા નં.૫ નો જવાબ નકારમાં** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૬</u>**

(૧૮) ઉપરોક્ત ચર્ચા મુજબ **મુદ્દા નં.૬** પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**//હુકમ//**

**(૧) વાદીનો દાવો અંશતઃ મંજૂર કરવાનો હુકમ કરવામાં આવે છે.**

(૨) **આ કામે દાવા અરજીમાં જણાવેલ રાજકોટ જિલ્લાના** વીંછિયા તાલુકાનાં અમરાપુર ગામમાં **ગામના ખાતા ૨૫૮ માં આવેલ રે.સ.ન.૩૮૭ પૈકી ૨ વાળી જરાયત પ્રકાર ની "સડક પાસે" તરીકે ઓળખાતી જમીન જેના હે.આરે.ચો.મી. ૨-૫૫-૯૭ તથા રે.સ.નં. ૪૨૪ જરાયત**

**પ્રકાર ની કે જે " ગાળિયાનું ખેતર" તરીકે ઓળખાતી જમીન જેના હે.આરે.ચો.મી. ૨–૨૫–૬૧ ખેતીની જમીનમાં વાદીઓ ને સંયુક્ત રીતે ૧/૩ હિસ્સો અને પ્રતિવાદી નં ૧ નો ૧/૩ હિસ્સો તથા** પ્રતિવાદી ૨ થી ૬ **નો સંયુક્ત રીતે ૧/૩ હિસ્સો આવેલ છે જેથી વાદીઓના હિસ્સાનો કબજો પ્રતિવાદીએ વાદીઓને સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે.**

પક્ષકારો વચ્ચે આ હુકમની અમલવારી થયા બાદની પરિસ્થિતિમાં **વાદીઓનો સંયુક્ત રીતે ૧/૩** હિસ્સા પરત્વેની જમીનમાં પ્રતિવાદીએ કે, તેમના પ્રતિનિધિઓ ગેરકાયદેસર પ્રવેશ કરવો/કરાવવો નહિ કે વાદીઓના કબજામાં કોઈ હરકત, અંતરાય, અડચણ કરવી/કરાવવી નહિ **તેવો કાયમી મનાઈ હુકમ વાદીપક્ષની તરફેણમાં અને પ્રતિવાદીપક્ષની વિરુદ્ધમાં આપવાનો હુકમ કરવામાં આવે છે.**

(૩) **સદરહુ હુકમની તારીખથી દિન–૩૦માં પ્રતિવાદીઓએ સદરહૂ હુકમનો અમલ ચાંને કે પાલન કરવાનું રહેશે** અને/અથવા પક્ષકારો વચ્ચે સહમતિથી સદરહુ હુકમનું પાલન કરવામાં ન આવે તો તેવા સંજોગોમાં વાદીઓ હિસ્સા વિભાજનની કાર્યવાહી **સી.પી.સી.ઓર્ડર–૨૦ રૂલ–૧૮** અન્વયે કરાવી લેવા હક્કદાર થશે.

(૪) **દિન–૩૦ બાદ પક્ષકારો વચ્ચે હુકમની અમલવારી સહમતિથી શક્ય ન બને ત્યારે** કચેરીએ **સી.પી.સી. ઓર્ડર–૨૦, રૂલ–૧૮ તથા સી.પી.સી. કલમ–૫૪** અન્વયે યોગ્ય બજવણી અર્થે હુકમનામું કલેકટરશ્રીને મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) કલેકટરશ્રી, રાજકોટને યાદી કરવામાં આવે છે કે, વાદગ્રસ્ત મિલકતમાંથી ઉપરોકત જણાવ્યા મુજબ વાદીઓ તથા પ્રતિવાદી ઓના હિસ્સાના અલગ અલગ ભાગો કરી તેના કબજા બન્ને પક્ષકારોને સુપરત કરી અત્રેની અદાલતને દિન–૯૦ માં રિપોર્ટ કરવો.

(૬) સદર કામે આ હુકમ મુજબ વાદીઓ અને પ્રતિવાદીઓ ઉપરોકત જણાવ્યા મુજબ પોત–પોતાનો હિસ્સો મેળવી ન લે ત્યાં સુધી વાદીઓ–પ્રતિવાદીએ કે તેમના પ્રતિનિધિઓ

દાવાવાળી જમીન/મિલકત કોઈ વ્યક્તિને વેચાણ, ગીરો, બક્ષીશ કે અન્ય રીતે તબદીલ– ટ્રાન્સફર કરવી/કરાવવી નહિ કે તેમાં કોઈ બોજો ઉત્પન્ન કરવો/કરાવવો નહિ કે, વાદીના હક્ક, હિત, હિસ્સા વિરુદ્ધનું કોઈપણ જાતનું ગેરકાયદેસર કૃત્ય કરવું /કરાવવું નહિ. તેવો મનાઈ હુકમ વાદીપક્ષની તરફેણમાં અને પ્રતિવાદીની વિરુદ્ધમાં આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) **રેવન્યુના કોઈ કાયદાના અનાદર/ભંગ બદલની કોઈ કાર્યવાહીને સદર ચુકાદો બંધનકર્તા/અસરકર્તા બનશે નહિ યાંને કે,** રેવન્યુના કોઈ કાયદાના અનાદર/ભંગ બદલની કાર્યવાહીમાં રેવન્યુ સત્તાધિકારી કાયદા હેઠળ મળેલ સત્તા/પ્રક્રિયા અનુસરવા તેમની વિવેકબુદ્ધિ અન્વયે સંપૂર્ણ મુકત છે.

(૮) **ખર્ચ પરિણામને અનુસરશે તે સિદ્ધાંત ધ્યાને લેતાં, પ્રતિવાદીઓએ પોતાનો તથા વાદીનો ખર્ચ ભોગવવો.**

(૯) **હુકમ મુજબ પ્રાથમિક/પ્રારંભિક હુકમનામું દોરવું.**

સદરહુ ચૂકાદો આજરોજ **તારીખઃ ૨૭મી, માહેઃજુલાઇ, સનેઃ૨૦૨૩ના** રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળઃવીંછિયા.** **(એસ.એન.મોદી)**

**તારીખઃ૨૭/૦૭/૨૦૨૬** **પ્રિન્સીપાલ સિવિલ જજ જયુડિશિયલ**

**મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**

**વીંછિયા–કોડ નં.જી.જે.૦૧૬૮૨**